
RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ




જુન - ૨૦૧૭ અંક - ૬
વર્ષ ૫૪ સળંગઅંક ૪૪૨
માસિક કિંમત-૧૦
વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક
## પાંચમી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંદ્ધાંજલિ



### સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ધદ્દષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

### અર્પણકર્તા

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર **2012-2033**

## નવયુગ શુભેચ્છક
## પાંચમી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંદ્ધાંજલિ



### સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

‘ પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી એલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....’ એજ અમારી
પ્રાર્થના

### અર્પણકર્તા

કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

**2012-2033**

નવયુગ શુભેચિંતક શ્રી સાકરલાલ ઈશ્વરલાલ પંચોલી વડોદરા શ્રી નવિનભાઈ ચીમનલાલ પંચોલી વડોદરા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

જુન – ૨૦૧૭

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.:A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

–: પ્રકાશન સ્થળ :–

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક રૂા. ૧૦/–**

**વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/–**

## તંત્રી નોંધ.....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

જ્ઞાતિજનો તા. ૬ જુન એટલે વિશ્વ પર્યાવરણ દિવસ... આ દિવસ પણ આપણે મનાવવો પડે છે... વધતા જતા સીમેન્ટ કોંક્રેટના વનો અને ઓછા થતા વૃક્ષોના વનો... અને એનું પરીણામ આપણે ભોગવી રહ્યા છે... દર વર્ષે બે થી ત્રણ ડિગ્રી ગરમીનો વધારો થતો જાય છે... અને આ ગરમીનો પણ આપણે લ્હાવો લઇએ છીએ... પરંતુ હવે ગરમીની પણ હદ થાય છે... આને આપણી પણ હદ થાય છે... વૃક્ષો કાપવામાં.. ઉગાડવાની વાત આઘી ગઇ... તો ચાલો હવે જાગ્યા ત્યાથી સવાર... ચોમાસુ આવી જ રહ્યું છે... આપણે દરેક જણે એક વૃક્ષ રોપવાનું અને તેનું જતન કરીને ઉગાડવાનું .. આપણને લાભ મળે કે ના મળે પણ આપણી આવનારી પેઢીને એનો અવણ્ય લાભ મળી રહેશે.... તો ચાલો વૃક્ષો વાવીએ અને પૃથ્વીને બચાવીએ.....

તા. ૨૧ જુને ઘરના સૌ ભેગા મળી યોગ દિવસ ઉજવવીએ.. અને તંદુરસ્ત રહીએ... ફક્ત ૨૧ જુને યોગ દિવસ નથી મનાવવાનો પરંતુ રોજ યોગ દિવસ મનાવવાનો છે તો આપણે તંદુરસ્ત તો પંચોલી સમાજ તંદુરસ્ત...

મનકી બાતમાં માનનીય મોદી સાહેબે સ્વચ્છતા અભિયાન માટે જાગૃત થવાની વાત કરી.. સુકો કચરો અને ચીનો કચરો જુદો જુદો ભેગો કરવો જેથી રીસાયકલ કરીને તેમાંથી આતર બનાવી શકાય. કારણ કે પૃથ્વીને પર્યાવરણનું મુળ મનાયુ છે.. જે શુધ્ધતા છે ત પૃથ્વીને કારણ છે.. તો આપણે પ્રકૃત્તિ સાથે જોડાવવાનું અભિયાન બનાવીએ...

વિદ્યાર્થી મિત્રો વેકેશન આવ્યું અને પુરૂ પણ થયું... હવે નવા વર્ષની શુભ શરૂઆત ગયા વર્ષના આપણા આવેલ રિઝલ્ટને ધ્યાનમાં લઇ એ પ્રમાણે ભણવાનું લક્ષ્ય બનાવી એને ગોલ કરવાના પ્રયત્નો કરીએ... અને જાગ્યા ત્યાંથી સવારની નીતી અપનાવી અભ્યાસમાં મંડી પડીએ...

મે-૨૦૧૭ના નવયુગમાં સંસ્થા સમાચાર જોયા ? આ વર્ષે એમાં છોટાઉદેપુર અને કવાંટના સમાચાર પ્રકાશિત થયા.. આવકારીએ છીએ... આવી જ રીતે પાલ વિભાગના એકમમોમાં પણ સંચાર થાય અને એઓ પણ પ્રયત્નશીલ બની પંચોલી સમાજની પ્રગતિમાં સહભાગી બને એવી આશા રાખું છું...

# પ્રમુખ નોંધ.....

મનિષભાઇ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

ઉનાળા વેકેશનની મઝા માણી સૌ વિદ્યાર્થી મિત્રો અને જ્ઞાતિજનો પોતાના રૂટીન કાર્યક્રમમાં જોડાય ગયા હશો. વિદ્યાર્થી મિત્રોએ વકેશનનો સદ્‌ઉપયોગ કર્યો હશે

ખુબ જ આનંદ સાથે જણાવવાનું કે પાલ વિભાગની વર્ષો જુની વાડીનો જીર્ણોદ્ધાર કરવાની ઇચ્છા પરી પૂર્ણ થઇ અને સંખેડા એકમના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઇ પંચોલી, મંત્રીશ્રી તથા કન્વીનરશ્રી કિશનભાઇ પંચોલી અને સંખેડા એકમની ટીમ દ્વારા ખૂબ જ મહેનત કરી વાડી બનાવવામાં આવી છે.. જેનું વાસ્તુ પૂજન તા. ૧૭.૦૫.૨૦૧૭ના રોજ રાખવામાં આવ્યું હતું. ધણી જ મોટી સંખ્યામાં પાલવિભાગના જ્ઞાતિજનો જોડાયા. કાર્યક્રમ સફળ રહ્યો. સંખેડા એકમના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઇ તથા કન્વવીનર શ્રી કિશનભાઇ પંચોલી તથા તેમની ટીમને હાર્દિક અભિનંદન આપું છું. સાથો સાથ દરેક જ્ઞાતિજનો ને વિનંતી કરું છું કે વાડી બનાવવા માટે મળેલ દાન કરતા ખર્ચ વધુ થયેલ હોય ઉદાર હાથે ફાળો/દાન આપી આયોજકોને મદદરૂપ થશો, એવી વિનંતી કરું છું. વિના સહકાર નહીં ઉદ્ધારના સૂત્રને સાર્થક કરવા દરેક મિત્રો પોતાનું યોગદાન આપશો એવી વિનંતી કરું છું.

શ્રી પંચોલી સમાજ મહામંડળના સી.ટી.સ્મારક નિધિ દ્વારા પણ ખૂબ સારી પ્રવૃત્તિઓ થાય છે. સમાજને લગતા દરેક કાર્યક્રમોમાં જ્ઞાતિજનોનો સહકાર કાર્યકરોનું મનોબળ ઉંચુ લાવે છે. દરેક જ્ઞાતિજનો સમાજ સેવાનાં થતાં કાર્યક્રમોમાં સહભાગી થઇ સહકાર આપવા વિનંતી કરું છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા લગભગ જુલાઇ-૧૭માં રાખવામાં આવશે.. જેમાં દરેક એકમમાંથી એકમના હોદ્ધેદારો, મહિલામંડળના હોદ્ધેદારો અને સ્વયંના યુવા હોદ્ધેદારો હાજર રહે એવું આયોજન હાથ ધરશો. મહિલા મંડળ તથા સ્વયંના મિત્રો હાલ સમાજ સેવાના કાર્યો હાથ ધરે.. જેમાં વ્યસન મુકિત સમાજ બનાવવા માટે આગળ આવશો. તો સમાજમાંની આ બદી દૂર થશે. અને તંદુરસ્ત સમાજ, વ્યસન મુકત સમાજ અને શિક્ષિત સમાજ બનાવવા તરફ આગળ વધશે. આપણે સૌએ ભેગા થઇને પંચોલી સમાજને એક આદર્શ સમાજ બનાવવાનો છે.. તેમાં તમામ જ્ઞાતિજનો પોતાનો યથાશકિત સહકાર આપે.. આપણે ૨૦૨૦માં વાયબ્રન્ટ પંચોલી સમાજ બનાવવાનો હોય તો ચાલો આપણે ભેગા મળી આદર્શ સમાજ બનાવીએ...

નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/- નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ.. જેમણે સ્વર્ણિમ ફંડમાં ૫ વર્ષ માટે રકમ નોંધાવી હોય તેમણે આ વર્ષની રકમ મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જમા કરાવવા વિનંતી. અસ્તુ.

## સુચના

હવેથી નીચે આપેલ ઈમેલ પર મેલ કરવા

**: Email :**

**pancholinavyug@gmail.com**

## શ્રદ્ધાંજલી



**સ્વ. સુરેશભાઈ ડાહ્યાભાઈ પંચોલી**

જ.તા. ૧૩.૧૧.૧૯૫૩ સ્વર્ગવાસ : ૨૦.૦૪.૨૦૧૭

**અર્પણકર્તા**

ગં.સ્વ. ઉષાબેન સુરેશભાઈ પંચોલી
શ્રી ગૌરવ સુરેશભાઈ પંચોલી
મનિષા નિલેશભાઈ પંચોલી
નિલેશકુમાર સી. પંચોલી
નિમિષા નિરજકુમાર પટેલ
નિરજકુમાર જે. પટેલ
ચિ. જીત - ચિ. હેત એન. પંચોલી
લાઈટબજાર, કુંભારવાડા, નવાપુર

## દશમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. જશવંતીબેન શાંતિલાલ મિસ્ત્રી**

સ્વર્ગવાસ : ૧૭.૦૪.૨૦૦૭

**હેમલકુમાર શાંતિલાલ મિસ્ત્રી**
**મો. ૯૬૮૭૦ ૭૫૪૩૮**
**સાધનાબેન હેમલકુમાર મિસ્ત્રી**
**મો. ૭૪૦૫૦ ૩૨૯૨૪**

બ્લૉક નં. ૩, રૂમ નં. ૩૫,
ગુજરાત હાઉસીંગ બૉર્ડ, હસ્તીતલાવ,
અંકલેશ્વર ૩૯૩ ૦૦૧

## ત્રીજી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી




**સ્વ. મંજુલાબેન રમેશભાઈ પંચોલી**

સ્વર્ગવાસ : ૦૬.૦૬.૨૦૧૪

**અર્પણકર્તા**

મનોજકુમાર રમેશભાઈ પંચોલી
સોનલબેન મનોજકુમાર પંચોલી
શ્રેયા મનોજકુમાર પંચોલી (B.A.)
જય મનોજકુમાર પંચોલી (Chemical Engg.)
૧૮, રઘુવીરનગર, બૉરભાઠારોડ, અંકલેશ્વર
મો. ૯૫૭૪૭ ૨૯૬૮૭

## ત્રીજી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. ચુનીલાલ છગનલાલ પંચોલી**

સ્વર્ગવાસ : ૨૬.૦૬.૨૦૧૬

**અર્પણકર્તા**

છગનભાઈ આત્મારામ મિસ્ત્રી
મીનાબેન છગનલાલ મિસ્ત્રી
નિમેશ સી. મિસ્ત્રી-હેતલ એન. મિસ્ત્રી
ચિ. જીત નિમેશ મિસ્ત્રી
સોનલ મનોજકુમાર પંચોલી
૧૮, રઘુવીરનગર, બૉરભાઠારોડ, અંકલેશ્વર

# શ્રદ્ધાંજલી



## સ્વ. મહેશભાઈ ધીરજલાલ પંચોલી

**જન્મ : ૦૮.૧૦.૧૯૬૧ સ્વર્ગવાસ : ૦૫.૦૩.૨૦૧૭**

સમય પહેલાં સૂર્ય અસ્ત થઈ ગયો, આપની અણધારી વિદાય અમારા સૌના હૃદયને ધ્રુજાવી ગઈ..
સૌને રડાવી કાળજુ કંપાવી ગઈ, આશા અને અપેક્ષાઓ અધુરી રહી અને આંખડી મીચાઈ ગઈ..
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ શરમાય ગયું, તમે વિદાય એવી લીધી કે મનહું માનવા પણ તૈયાર નથી.
તમારો હસતો મીલનસાર સ્વભાવ, પ્રભાવી વ્યકિતત્વ વડે કુટુંબને આપની નિષ્ઠા અને યાદ અપાવતી રહેશે.
તમારા આત્માને પ્રભુ ચિરઃશાંતિ બક્ષે તથા આપના આશીર્વાદ અમારા પર સદાય વરસતા રહે
એવી અમારી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના....

### અર્પણકર્તા

ગં.સ્વ. છાયાબેન મહેશભાઈ પંચોલી

મિતેષ મહેશભાઈ પંચોલી(મયૂર) — હેમાલી મિતેષ પંચોલી
અંકિત મહેશભાઈ પંચોલી — નિલમ અંકિત પંચોલી
કમલ મનુભાઈ પંચોલી(યુ.કે.) — કિંજલ કમલ પંચોલી (યુ.કે.)
શશીકાંત ઉમેદરામ પંચોલી — રેખાબેન શશીકાંત પંચોલી

પ્રવિણાબેન ધીરજલાલ પંચોલી
પ્રીતિ મિતેષ પંચોલી

રપ-બી, શુકન બંગ્લોઝ, રામજી મંદિરની પાછળ, કાનપુરા, વ્યારા. જિ. તાપી
મો. નં. +૯૧ ૯૫૮૬૦ ૦૯૦૦૯ / +૯૧ ૮૯૦૫૫ ૮૮૧૧૧



## અમારી જીવન વાડીમાં ખીલેલું પુષ્પ

**મેરે ઘર આયી એક નન્હી પરી....**
**અમ આંગણે પગલાં કરશે... પરી બની..**

# ચિ. વીની

**આગમન તા. ૦૪.૦૩.૨૦૧૭**
**ના આગમનના હાર્દિક વધામણાં.......**

શ્રી ભરતભાઈ ચીમનલાલ પંચોલી
શ્રીમતિ ભારતીબેન ભરતભાઈ પંચોલી
શ્રી નિકુંજ ભરતભાઈ પંચોલી
શ્રીમતિ સેજલ નિકુંજ પંચોલી

૩૦, રાધેશ્યામ મંદિર પાસે, બીલીરોડ,
બીલીમોરા-૩૯૬૩૨૧
મો. ૯૦૯૯૯ ૫૩૮૮૩/૯૩૭૪૬ ૫૪૮૩૨

**ચિ. વીની નિકુંજ પંચોલી**
**આગમન તા. ૦૪.૦૩.૨૦૧૭**

## હાર્દિક શુભેચ્છાઓ...



**ચિ. ભાવિક - ચિ. શર્મિષ્ઠા**
**લગ્ન તા. ૨૮.૦૨.૨૦૧૭**

શુભેચ્છક
શ્રી હિતેશ પોપટલાલ ગાંધી
શ્રીમતિ પૂર્ણિમા હિતેશ ગાંધી
ચિ. મયંક હિતેશ ગાંધી
શ્રી રાજેશભાઈ પી. ગાંધી પરિવાર
૮૨, મહાદેવ નગર, હરીનગર-૨ની પાછળ, ઉધના-સુરત

## હેપી બર્થડે.......



**શ્રીમતિ ખુશ્બુ - ચિ. ધ્યાન**

ચિ.ધ્યાન વિસ્મય મિસ્ત્રીની
તા. ૨૨.૦૬.૨૦૧૭ના રોજ પ્રથમ વર્ષગાંઠ
તથા શ્રીમતિ ખુશ્બુ વિસય મિસ્ત્રીની
વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છાઓ સહ.....
**ડો. મહેશભાઈ મોહનલાલ મિસ્ત્રી પરિવાર**
અંકલેશ્વર મો. ૯૭૨૭૯ ૪૭૩૦૦

# એડમીશન

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી.

જેમણે 'મરક-મરક', 'આનંદલોક', જેવા અનેક મજાના હાસ્યને લગતા પુસ્તકો લખ્યા છે, અને જેમના પુસ્તક 'એન્જોયગ્રાફી' ને સાહિત્ય અકાદમી તરફથી પુરષ્કાર મળ્યો છે, એવા લોકોમાં જાણીતા અને માનીતા હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગરે ૧૯૯૧ ની સાલમાં નવા વર્ષની સંધ્યાએ 'સલાહ ન આપવાનો' સંકલ્પ ટી વી પર રજૂ કર્યો.

ત્યારે જ મેં મનોમન નક્કી કરી લીધું હતું, કે એમના આ સંકલ્પથી લોકોને પડેલી સલાહકારની ખોટ મારે પૂરવી અને એમના આ ભગીરથ કાર્યને મારે આગળ ધપાવવું. આમ તો કોઇની રોજી રોટી છીનવી લેવી એ નૈતિક ગુનો છે. પણ એમણે 'સલાહ ન આપવાનો' સંકલ્પ સ્વૈચ્છિક રીતે કર્યો હતો તેથી એ ધંધો હું શરુ કરું તો પણ હું ગુનેગાર ગણાઉં નહીં.

વળી સલાહ આપવાના ધંધામાં વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ડોકટર જેવા કન્સલ્ટન્ટ ને આવક થતી હશે, બાકી અમારા જેવા હાસ્યલેખકોને કોઇને સલાહ આપવાના કોઇ પૈસા મળતા નથી, લોકો, સલાહ અને સલાહકાર – બંનેને હસવામાં કાઢી નાખે છે.

રતિલાલ ભાઇ પાસે તો રાજ્યના વડા, દેશના વડા, સમગ્ર વિશ્વના વડા, ભલભલા મહારથીઓ અને ઇશ્વર સુધ્ધાને આપવા માટે સલાહો છે. પરંતુ મારું ગજું ઓછું હોવાથી મેં ફક્ત પતિને, પુત્રોને, મિત્રોને અને સગા સંબંધીઓને જ સલાહ આપવાનું નક્કી કરેલું અને એ જાહેર પણ કરેલું.

એક દિવસ મારી પ્રિય સખી હેમા મને મળવા આવી, એ ચિંતામગ્ન હતી એ જોઇને હું ખુશ થઇ. ચિંતામગ્ન લોકોની ગાફેલિયતનો લાભ લઇ એમને સહેલાઈથી સલાહ આપાવાનો મોકો લઇ શકાય છે, એવો મારો સ્વાનુભવ હતો. આવા લોકોની ચિંતાનું કારણ પૂછ્યા બાદ એમની ચિંતા દૂર કરવાના ઉપાયો હું વિચારું છું, અને ઉપાય જડી આવતા એનો અમલ કરવાની સલાહ હું એમને આપુ છું. કોઇવાર એવું પણ બને કે એમની ચિંતાનો ઉપાય મને ન જડે તો ખુદ મને જ ચિંતા થઇ આવે, પણ એવું તો જવલ્લે જ બને. મારા જેવા જ્ઞાનીઓ પાસે બીજાની ચિંતા દૂર કરવાના અપ્રતિમ ઉપાયો હોય છે

-તારી દ્રષ્ટિએ કઇ સ્કુલ સારી ગણાય ? હેમાએ મને પૂછ્યું.

-જે સ્કૂલમાંથી મારા જેવી પ્રખર મેધાવી હાસ્યલેખિકા ભણીને પાર ઉતરી હોય એનાથી વધુ સારી સ્કુલ બીજી કઇ હોઇ શકે ? મેં ગર્વથી એને કહ્યું.

-તારી વાત જવા દે યાર, હું તો મારા દીપુ માટે પૂછું છું. તારી વાત જવા દે', હેમાના વાક્યના આ પૂર્વાર્ધથી મારા અંતરને કારમો આઘાત લાગ્યો, મને એની વાતથી બહુ ખોટું લાગ્યું. પણ.. નાદાન અને નાસમજ લોકોની આવી મૂર્ખતાપૂર્ણ વાતોથી જ્ઞાનીજનો કદી ખોટું લગાડે? મેં મનોમન એને માફી બક્ષી.

ભવિષ્યમાં જ્યારે મારું નામ પ્રખ્યાત હાસ્યલેખિકા અને પ્રખર સલાહકાર તરીકે ગાજતું હશે, લોકો સલાહ લેવા મારા ઘરના (કે પછી ઓફીસના) દ્વારે લાઇન લગાવતા હશે, એપોઇન્ટમેન્ટ લેવા માટે ફોન પર રીક્વેસ્ટ કરતા હશે, મારી સલાહ બદલ મોંઘીદાટ ફી ચુકવતા હશે, ત્યારે મારી આ જ મિત્ર હેમા, કે જે આજે મને 'તારી વાત જવા દે' કહે છે એ મને મારી વાત જવા ન દેવા માટે કાકલૂદી કરતી હશે, ખેર !

-એ ય, શું વિચારમાં પડી ? એણે મને વિચારભંગ કરી.

-કંઇ નહીં.

-તો પછી બોલને, દીપુ માટે કઇ સ્કુલ સારી ?

-પહેલા તો તું એ નક્કી કર કે એને ગુજરાતી મીડીયમ મા ભણાવવો છે કે ઇંગ્લીશ મીડીયમમા ?

મારો પ્રશ્ન એણે બુધ્દ્ગિમ્ય લાગ્યો હશે, એટલે એ થોડી ઘણી પ્રભાવિત થઇ હોય એમ મને લાગ્યું.

-યાર એ જ નથી સમજાતું. મનીષ (એનો હસબંડ) કહે છે કે ગુજરાતીમાં ભણાવીશ તો મજૂર જેવો ડમ્બ થશે, અને ઇંગ્લીશમાં ભણાવીશ તો ઓફિસર જેવો સ્માર્ટ દેખાશે.

-અને તેં શું વિચાર્યું ?

-મેં વિચાર્યું કે હું ગુજરાતીમાં ભણી, મનીષ પણ ગુજરાતીમાં ભણ્યા, હવે દીપુને ઇંગ્લીશ મીડીયમમાં મૂકીએ તો એને ભણાવે કોણ ?

-એમાં શું યાર, ટ્યુશન રાખી લેવાનું. મેં મારી આદત મુજબ એને સલાહ આપી.

-સ્કુલની ફી, રિક્ષાભાડું, બુક્સ, યુનિફોર્મ... એ બધાનો ખર્ચ અને ઉપરથી ટ્યુશન ફી ? આજકાલ તો આ બધા ખર્ચા ચીરી નાખે એવા જાલિમ લાગે છે. ખાવા પીવાનું માંડી વાળીએ તો

આ બધા ખર્ચા પોસાય. એ નિરાશ થઇને બોલી.

-એક કામ થઇ શકે.

-જલ્દી બોલને યાર.

-તું ચાર – પાંચ ગુજરાતી મીડીયમના છોકરાઓનું ટ્યુશન કર, અને એમાંથી જે કમાણી થાય એમાંથી દીપુનું ટ્યુશન રાખી લે.

-હં... તારી આ વાત વિચારવા લાયક છે ખરી.

મારી ટ્યુશન કરવાની સલાહ એને ગળેતો ઉતરી, પણ કમળ પાંદડી પર પાણીના ટીપાં પડે છતાં એ ભીંજાય નહિ, એમ હેમાના ચહેરા પરથી ચિંતાના વાદળો દૂર થયા નહીં.

-લે, હવે તું શું વિચારી રહી છે ?

-એ જ કે દીપુને કોઈ સારી સ્કુલમાં એડમિશન મળશે કે નહિ ?

જો આજકાલ ભારતમાં વસ્તી વધારાને કારણે સારી સ્કુલમાં એડમિશન લેવું ડિફીકલ્ટ છે, એટલે ઘર નજીકની જે સ્કુલમાં એડમિશન મળે એમાં લઇ લેવાનું. પછી કોઈ સારા ટીચરનું પ્રાયવેટ ટ્યુશન રાખી લેવાનું. ઈન્ટરવ્યુ લેવાના નાટકમાં સ્કુલવાળા નાના છોકરાઓને પણ હજારો સવાલ પૂછે છે, 'વોટ્સ યોર નેમ ?' 'વોટ્સ યોર ફાધર'સ નેમ ?' 'વિચ કલર ડુ યુ લાઈક મોસ્ટ ?' 'વિચ ગેમ ડુ યુ પ્લે ?' 'ડુ યુ હેવ એસી એટ યોર હોમ ?' વગેરે વગેરે...

ઉપરથી એમના મા બાપનો ઈન્ટરવ્યુ લેવાય. 'નોકરી કરો છો કે બીઝનેસ ?' 'મંથલી ઇન્કમ કેટલી છે ?' ( ઓછી હોય તો તમે ઘર ચલાવવા પૈસા આપવાના છો ? નહીં ને ? તો તમારે શી પંચાત ? ) ઘરમાં ટીવી, મ્યુઝીક સીસ્ટમ, વોશિંગ મશીન, કાર છે ? અમારી સ્કુલમાં જ કેમ તમારા બાળકને દાખલ કરવા માંગો છો ? (બીજી કોઇ સારી સ્કુલમાં એડમિશન ન મળ્યું તો બીજું શું કરીએ ?) તમે તમારા બાળકને ઘરે ભણાવી શકશો ? ( અલ્યા ભાઈ, એને અમારે ઘરે જ ભણાવવું પડવાનું હોય તો તમારી સ્કુલમાં દાખલ કરવાનો અર્થ શું ?)

તમે જ કહો વાચકમિત્રો, આ બધા પ્રશ્નો સાંભળીને મા બાપને એના જવાબો આપવાને બદલે સંચાલકના માથામાં પેપરવેટ છુટ્ટું મારવાનું મન થાય કે નહીં ? પણ શું થાય, મા બાપે 'ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે છે.'

-બસ કર હવે, તું તો નેતાઓની જેમ ભાષણ આપવા બેસી ગઇ.

-મારી પાસે આપવા માટે ભાષણ અને સલાહ બે જ ચીજ હાથવગી છે.

-હવે દીપુના એડમિશન માટે તારે કોઈની ઓળખાણ હોય તો કહે, નહિ તો હું ઘરે જાઉં.

-અરે હા, યાદ આવ્યું. એક કોલેજના પ્રોફેસર સાથે અમારે ઓળખાણ છે.

-પણ દીપુને કોલેજમાં નહીં સ્કુલમાં એડમિશન અપાવવાનું છે.

-એટલી તો મનેય ખબર છે, એ પ્રોફેસર દીપુને સ્કુલમાં, K.G. માં એડમિશન અપાવશે.

-એમ ? તો તો આપણે એમને મળીએ.

-સારુ, જિતુ (મારા હસબંડ) આવે એટલે ફોનથી એ પ્રોફેસરની એપોઇન્ટમેન્ટ લઇને તને કહું.

-ઓકે, પણ જરા જલદી કરજે, એવું ન બને કે એમની સ્કુલમાં એડમીશન ફૂલ થઇ જાય અને દીપુ બીજી કોઈ સ્કુલમાં જવાથી પણ લટકી પડે.

-ચિંતા ન કર, એવું નહિ થાય.

'ચિંતા ન કર' એવું મારા કહેવા છતાં ચિંતાયુક્ત ચહેરો લઇને એ ગઇ.

અનુસંધાન પેજ નં. ૯ થી ચાલુ

## મહિલા મંડળ–યુવા સંગઠન બીલીમોરા

**બીલીમોરા મહિલા મંડળ ના સભ્ય શ્રીમતી બીનાબેન ભરતભાઈ પંચોલી ના પિતાશ્રી ના દેહાવસાન નિમિતે બીલીમોરા મહિલામંડળની બહેનોએ ૧૯ અપ્રિલે તેમના નિવાસસ્થાને શાંતિપાઠ અને ભજન નું આયોજન કર્યું હતું.**

**તા.૩૦ એપ્રિલ ૨૦૧૭ ના રોજ બીલીમોરા યુવા સંગઠન ની એક સામાન્યસભા મંત્રીશ્રી અમિતભાઈ ના નિવાસસ્થાને રાખવામાં આવી હતી.બહોળી સંખ્યામાં યુવા યુવતીઓ ભેગા થયા હતાં. મેમ્બરોના રજીસ્ટ્રેશન બાદ તા.૨૮ મે ૨૦૧૭ ના રોજ મહિલા મંડળ અને યુવા સંગઠન ના સંયુક્ત પ્રવાસ નું આયોજન કરવાનું નક્કી કર્યું.**

**તા.૨૮ મે ૨૦૧૭ ને રવિવારના રોજ બહોળી સંખ્યામાં સૌ યુવાસંગઠન ના પ્રમુખ શ્રીમતી ટ્વિંકલબેન ના નિવાસસ્થાને ભેગા થયા. સવારે ૬ ; ૩૦ વાગ્યે પ્રવાસની શરૂઆત કરી.પ્રભુ સ્મરણ કરી અંતકડી રમતાંરમતાં સૌ પ્રથમ વલસાડના પારનેરા ડુંગર પાસે ૮ વાગ્યે પહોંચી ગયા. ઉપર ચંડિકામાતાજી અને શંકરદાદાના દર્શન કરી ૧૦**

## છુટી ગયું.......

આખરી આ શ્વાસનું બંધન હતું, છૂટી ગયું,
આ જગતની સાથનું અંજળ હતું, છૂટી ગયું.
વેંત જેવું હું નમ્યો તો હાથ જેવું એ નમ્યો,
ઓગાળ્યો દિલનો અહ્‌મ અંતર હતું છૂટી ગયું.
જ્યારથી પરચો થયો છે પ્રેમની તાકાતનો,
લોહી તરસ્યું હાથમાં ખંજર હતું છૂટી ગયું.
કર્મ એનું એજ કર્તા, જ્ઞાન એ લાધ્યા પછી,
પુણ્ય શું ને પાપ શું ? મંથન હતું છૂટી ગયું.
સાવ ક્ષુલ્લક મોહમાં પરવશ રહ્યો 'અક્ષર' સદા
માણવા સુંદર જગત, અંબર હતું છૂટી ગયું.

**સુભાષ પંચોલી–'અક્ષર' વડોદરા**

## બાકી છે....

શાંત કોલાહલમાં નિનાદ બાકી છે, ખિન્ન વાતાવરણમાં તારી યાદ બાકી છે,
આ બન્ને ને જોડતા અંતર મહીં, ના પૂરાય એવો અવકાશ બાકી છે.
મારા ઉદાસ ચિત્તનો ઉન્માદ બાકી છે, મુરઝાયેલા પુષ્પનો નિશ્વાસ બાકી છે,
આ બંનેના બિમ્બના આધાર પર, એમના પ્રતિબીંબનો અંદાઝ બાકી છે.
અધખીલ્યા ફૂલની સુવાસ બાકી છે, પ્યારને આવકારતો એકરાર બાકી છે,
આવા રૂપનો આપણે ઈંતઝાર કરીએ, એમના અસ્તિત્વનો આકાર બાકી છે.
આવતી વસંતની બહાર બાકી છે, એની યાદનો મીઠો રણકાર બાકી છે,
બહારની યાદ અને યાદની બહારમાં, અટવાતો આ મારો શ્વાસ બાકી છે.
સૂર્ય અને ચંદ્રનો પ્રવાસ બાકી છે, જીવનની મંઝીલનો થાક બાકી છે,
ધુરા પર ફરતી આ ધરા પર, આપણા મિલનનો અવસર બાકી છે.
વીતેલી જીંદગીનો અવસાદ બાકી છે, ખરેલા પર્ણનો ખખડાટ બાકી છે,
હું તને હવે વધારે તો શું કહું? મારા આ સંદેશનો સંવાદ બાકી છે.

જીતેન્દ્ર સી. મિસ્ત્રી-અમદાવાદ

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૭ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

**S.S.C. અને H.S.C. મા માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી...**

- S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....
- H.S.C. માં **૭૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....
- I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરું સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે
- કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.
- ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......
- **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૭ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

**વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી... વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ઓ. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

# સ્વર્ણિમ ફંડ

**સ્વર્ણિમ ફંડને એક બીજુ વર્ષ પૂર્ણ થયું છે... જેમણે જે રકમ પાંચ વર્ષ માટે આપવાની સંમતિ દર્શાવી છે.. તેઓ આ વર્ષે સંમતિ દર્શાવેલ રકમ મોકલવા વિનંતી છે...**

મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## શ્રી પંચોલી સેવા સમાજ-મહામંડળ
# સમાજ સુરક્ષા બચત યોજના

સમાજ સુરક્ષા યોજનાની વિગતો નીચે મુજબ છે...

| વર્ષ ૨૦૧૫-૧૬ના સભ્યો | નવા સભ્યો | દેવલોક પામ્યા | સભ્યપદ રદ | વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાનના સભ્યો |
|---|---|---|---|---|
| ૧૪૯૪ | ૧૦ | ૭ | ૧ | ૧૪૯૬ |

સમાજ સુરક્ષા યોજનાના સને ૨૦૧૬-૧૭ દરમ્યાન મરણ પામેલા સભ્યોની માહિતી.

| અ.નં. | સભ્ય નંબર | સભ્યનું નામ | ગામ | ભરેલ દાખલ ફી અને વાર્ષિક ફાળો | વળતરની ચુકવેલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૪૯ | શ્રીમતિ શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી | અંકલેશ્વર | ૩૨૦૦/- | ૨૮૦૦૦/- |
| ૨ | ૨૫૦ | શ્રી રાજેન્દ્રભાઇ નાથાલાલ મિસ્ત્રી | અંકલેશ્વર | ૩૨૦૦/- | ૨૮૦૦૦/- |
| ૩ | ૩૦૮ | શ્રી રમેશચંદ્ર ડાહ્યાભાઇ પંચોલી | સુરત | ૩૨૦૦/- | ૨૮૦૦૦/- |
| ૪ | ૧૦૧ | શ્રી મહેન્દ્રભાઇ કાળીદાસ પંચોલી | વ્યારા | ૩૨૦૦/- | ૨૮૦૦૦/- |
| ૫ | ૨૬૮ | શ્રીમતિ પુષ્પાબેન બાળકૃષ્ણ જરીવાલા | સુરત | ૩૨૦૦/- | ૨૮૦૦૦/- |
| ૬ | ૪૫૮ | શ્રી બાબુભાઇ રામદાસ મપારા | વડોદરા | ૩૨૦૦/- | ૨૮૦૦૦/- |
| ૭ | ૧૧૪૫ | શ્રી મહેશભાઇ ધીરજભાઇ પંચોલી | વ્યારા | ૩૨૦૦/- | ૨૮૦૦૦/- |

જ્ઞાતિજનો ઉપરોકત માહિતીથી આપણને જાણ થશે કે આપણે વર્ષ દરમ્યાન ભરેલો નજીવો ફાળો અવસાન પામેલ વ્યકિતને કેટલી મોટી રકમમાં મળે છે.. તો ચાલો આપણે પણ સમાજ સુરક્ષા યોજનાના સભ્ય ન બન્યા હોય તો બની જઈએ.... અને આવા દુઃખદ સમયે આપણે એમને મદદરૂપ બની શકીએ......
આપના એકમમાંથી વધુને વધુ સભ્યો જોડાય એવા પ્રયત્ન કરશો...

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ની
# સામાન્ય સભા

**જુલાઈ-ઓગષ્ટ માસમાં રાખવામાં આવશે.. જે એકમને સામાન્ય સભા રાખવાની ઈચ્છા હોય તેમણે મહામંત્રીશ્રીનો સંપર્ક કરવા વિનંતી......**

આપના એકમના એજન્ડા

**તા. ૩૦.૦૬.૨૦૧૭**

સુધીમાં મહામંત્રીશ્રીને નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.

**એજન્ડા મોકલવાનું સરનામું**

મહામંત્રીશ્રી **શ્રી રાજેશભાઈ ધીરજલાલ પંચોલી**

કાનપુરા, મેઈનરોડ, કેતન ખમણ હાઉસની સામે, વ્યારા. જિ. તાપી-૩૯૪૬૫૦

મો. : ૯૮૭૯૫૪૭૪૬૯

જો વ્યક્તિના ઇરાદા મક્કમ હોય તો તે દરેક મુશ્કેલીનો સામનો કરીને લક્ષ પ્રાપ્ત કરી શકે છે.

મૌન અને એકાંત આત્માના સર્વશ્રેષ્ઠ મિત્રો છે.

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર અને પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની સંયુકત મિટિંગ તા. ૭.૫.૨૦૧૭ના રોજ બપોરે ૪ કલાકે ડૉ. મહેશભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને મળી..

પ્રથમ સમૂહમાં પ્રાર્થના બાદ મહિલા મંડળની મિટિંગ શરૂ કરવામાં આવી. જે પૂર્ણ થતા. અંકલેશ્વર એકમની મિટિંગની શુભ શરૂઆત ડૉ. મહેશભાઇ મિસ્ત્રીના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી. આજની મિટિંગમાં એલ.આઇ.સી. વિમા કંપનીના શ્રી જીતેન્દ્રભાઇ પટેલ દંપતિ હાજર રહી એકસીડેન્ટલ વીમાં અંગે વિશેષ માહિતી આપી હતી... જેમાં આછા પ્રિમીયમે વધુ લાભ વાળી સ્કીમ સમજાવી હતી..

વાર્ષિક કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણાને અંતે તા. ૪.૬.૨૦૧૭ના રોજ રાખવાનું નકકી કરવામાં આવ્યું..જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સુંદર રીતે રજુ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં ભાગ લેનારના નામો સોનલબેન મનોજભાઇ પંચોલીને નોધાવવા જણાવવામાં આવ્યું. કાર્યક્રમમાં હાજર રહેનાર સભ્ય દીઠ રૂા. ૨૦ ટોકન ફી આપી રજીસ્ટ્રેશન કરાવવાનું જણાવતાં હાજર રહેલ સભ્યોએ ફી આપી તુરત રજીસ્ટ્રેશન કરાવ્યું.

અંતમાં ડૉ. મહેશભાઇ મિસ્ત્રી અને તેમના પરિવારજનો તરફથી મિટિંગ અને અલ્પાહારનું સુંદર આયોજન કરવા બદલ આભાર વ્યકત કરી અલ્પાહારને ન્યાય આપી સર્વે વાર્ષિક કાર્યક્રમમાં પુનઃ મળવાની આશા સાથે છુટા પડયા.

## પંચોલી સમાજ-વડોદરા

શ્રી પંચોલી સમાજ વડોદરા આ વર્ષે પણ વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણનું આયોજન ફકત વડોદરા સમાજના સભ્ય માટે જ કરવામાં આવ્યું છે.

વડોદરા સમાજના સભ્યના વિદ્યાર્થીઓએ પોતાની માર્કસીટની ઝેરોક્ષ આપવી જરૂરી છે... માર્કસીટ પાછળ સમાજના મુળ સભ્યનું નામ, પરિવાર દર્પણમાં આપેલ ક્રમાંક નંબર, સરનામું તેમજ મોબાઇલ નંબર લખવો જરૂરી છે.. નવા થયેલ સભ્યએ ક્રમાંક નંબર મંત્રીશ્રી દેવાંગભાઇ પી. શાહ પાસેથી લઇ લેવો.

ધોરણ ૧ થી ૫ સુધી ૬ નંગ ચોપડા તથા ધો. ૬ થી ૧૨ સુધી ૮ નંગ ચોપડા આપવામાં આવશે. ચોપડા ૧૫૪ પાનાના છે તે વહેલા તે પહેલાના ધોરણે નીચેના હોદ્દેદાર પાસેથી મેળવવાના રહેશે. (૧) શ્રી દેવાંગ પી. પંચોલી-મંત્રી. (૨) શ્રી નરેશભાઇ નગીનભાઇ પંચોલી-શૈક્ષણિક કન્વીનર (૩) શ્રી હરનીશભાઇ જી. (૪) શ્રી પરેશભાઇ એસ. (૫) શ્રીમતિ શીલાબેન એસ. પંચોલી.

આ સ્કીમમાં જેને દાન આપવાની ઇચ્છા હોય તેઓ વડોદરા સમાજના પ્રમુખશ્રી - મંત્રીશ્રી, ખજાનચી અથવા શૈક્ષણિક કન્વીનરને લખાવી શકે છે..

શ્રીમતિ જયોત્સનાબેન તથા શ્રી ગજેન્દ્રભાઇ વલ્લભદાસ મપારાએ તા. ૧૨.૦૫.૨૦૧૭ના દિવસે લગ્ન જીવનના ૫૦ સુવર્ણ વર્ષ એકમેકના પ્રેમભયા સથવારાથી પૂર્ણ કરેલ છે. શ્રી પંચોલી સમાજ વડોદરા અને સમગ્ર પંચોલી સમાજ તરફથી લગ્નજીવનની ગોલ્ડન જયુબીલી માટે હાર્દિક શુભેચ્છાઓ... એમના તરફથી લગ્નજીવનની સુવર્ણ જયંતિ પ્રસંગે રૂા. ૫૦૦/- ભેટ મળ્યા છે. દાતાશ્રીનો આભાર...

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાની કાર્યવાહક સભા તા. ૧.૦૫.૨૦૧૭ના રોજ પંચોલી વાડીમાં મળી. આગામી વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારોની તથા સમિતિના સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી

તથા એજન્ડા મુજબ કાર્યવાહી કરવામાં આવી અને બહાલી રાખવાનું ઠરાવવામાં આવ્યું.

સલાહકાર ટ્રસ્ટીઓ
શ્રી ઇન્દ્રવદનભાઇ સોમાભાઇ પંચોલી
શ્રી સુમનભાઇ નારણભાઇ પંચોલી
શ્રી સુરેશચંદ્ર જીવણલાલ પંચોલી
પ્રમુખ-શ્રી જયેશકુમાર ચંદ્રકાંતભાઇ પંચોલી
મંત્રી-શ્રી ચંદ્રકાંતભાઇ જગદીશચંદ્ર પંચોલી
ઉપપ્રમુખ-શ્રી ગોપાલભાઇ દિનેશભાઇ પંચોલી
સહમંત્રી-શ્રી કૃષ્ણકાંત શાંતિલાલ મપારા
ખજાનચી-શ્રી દિનેશકુમાર કાંતિભાઇ પંચોલી-એડવોકેટ
નવયુગ કન્વીનર-શ્રી હિતેશકુમાર જગદીશચંદ્ર પંચોલી
શૈક્ષણિકકન્વીનર-શ્રી નિખિલકુમાર પનસભાઇ પંચોલી
યુવા કન્વીનર-શ્રી દર્શિતકુમાર મહેશભાઇ પંચોલી
શ્રી વિજયકુમાર ગણપતલાલ પંચોલી
વાડી કન્વીનર-શ્રી મનોજકુમાર ઇન્દ્રવદનભાઇ પંચોલી
શ્રી વિજયકુમાર ગણપતલાલ પંચોલી
વેબ કન્વીનર-શ્રી ચિરાગકુમાર વિજયભાઇ મપારા
વોટસઅપ એડમીન
સભ્યશ્રીઓ : શ્રી ભાવેશકુમાર પ્રકાશચંદ્ર પંચોલી
શ્રી અનુરાગ સાધશરણ પંચોલી
શ્રી રાકેશકુમાર વિઠ્ઠલદાસ પંચોલી
શ્રી આશીષકુમાર અરવિંદભાઇ પંચોલી
શ્રી ધ્વનીકુમાર પંચોલી
શ્રી હિતેશભાઇ(શંભુ) સનતભાઇ પંચોલી
શ્રી મયુરભાઇ પંચોલી

તા. ૨૮.૦૫.૨૦૧૭ના રોજ વ્યારા ખાતે યોજનાર યુવા પરિચય સંમેલનમાં વધુને વધુ યુવક-યુવતીઓ ભાગ લે એવુ આહવાન કરી ફોર્મ વિતરણ કરવામાં આવ્યા.

આગામી નવા સત્ર દરમ્યાન નોટબુક વિતરણ તા. ૫.૦૧.૨૦૧૭થી કૃષ્ણકાંતભાઇ શાંતિલાલ મપારા (કન્યાશાળા પાછળ, ૮૪ની વાડી પાસેથી સાંજે ૪ થી ૬ ના સમયગાળામાં જરૂરી ટોકનફી, માર્કસીટ જમા કરાવી દરેક જ્ઞાતિજનોએ મેળવી લેવી.

આગામી કાર્યવાહીની બેઠક તા. ૪.૬.૨૦૧૭ના રોજ યોજાશે. જેમાં દરેક સભ્યશ્રીને હાજર રહેવા જણાવ્યું.

અંતે સૌનો આભાર માની સભા બરખાસ્ત કરવામાં આવી સભાને અંતે સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા પડયા.

નીચે મુજબ દાન મળ્યું.
૫૦૦૧ સ્વ. ચંદુભાઇ સોમાભાઇ પંચોલીUSAહસ્તે પદમાબેન કંચનભાઇ પંચોલી ફોટોસ્કીમ
૨૦૧ ધર્મેન્દ્રકુમાર રસિકલાલ-અમી સ્ટુડીયો માતાના સ્વર્ગવાસ નિમિત્તે.
૨૦૧ દક્ષાબેન ગોપાલભાઇ વડોદરા માતાના સ્વર્ગવાસ નિમિત્તે.
૨૦૧ અંજનાબેન ગોવિંદભાઇ વડોદરા માતાના સ્વર્ગવાસ નિમિત્તે.
૨૦૧ સ્વ. હેમલતાબેન અરવિંદભાઇ પરિવાર માતાના સ્વર્ગવાસ નિમિત્તે.
૫૦૧ મુકુંદભાઇ ધિરજલાલ પંચોલી-USA વર્ષગાંઠ
૫૦૧ ગં.સ્વ. વિદ્યાબેન મનહરલાલ પંચોલી સ્વ. મનહરભાઇ ગોવિંદભાઇના સ્મરણાર્થે
૧૫૧ સ્વ. ચંદુભાઇ સોમાભાઇના સ્મરણાર્થે પદમાબેન કંચનભાઇ
૫૧ સુરેશચંદ્ર જીવણલાલ પંચોલી-ઇનામ વિતરણ માટે.

## મહિલા મંડળ-યુવા સંગઠન બીલીમોરા

**બીલીમોરા મહિલા મંડળ ના સભ્ય શ્રીમતી બીનાબેન ભરતભાઈ પંચોલી ના પિતાશ્રી ના દેહાવસાન નિમિતે બીલીમોરા મહિલામંડળની બહેનોએ ૧૯ અપ્રિલે તેમના નિવાસસ્થાને શાંતિપાઠ અને ભજન નું આયોજન કર્યું હતું.**

**તા.૩૦ એપ્રિલ ૨૦૧૭ ના રોજ બીલીમોરા યુવા સંગઠન ની એક સામાન્યસભા મંત્રીશ્રી અમિતભાઈ ના નિવાસસ્થાને રાખવામાં આવી હતી.બહોળી સંખ્યામાં યુવા યુવતીઓ ભેગા થયા હતાં. મેમ્બરોના રજીસ્ટ્રેશન બાદ તા.૨૮ મે ૨૦૧૭ ના રોજ મહિલા મંડળ અને યુવા સંગઠન ના સંયુક્ત પ્રવાસ નું આયોજન કરવાનું નક્કી કર્યું.**

**તા.૨૮ મે ૨૦૧૭ ને રવિવારના રોજ બહોળી સંખ્યામાં સૌ યુવાસંગઠન ના પ્રમુખ શ્રીમતી દ્વિંકલબેન ના નિવાસસ્થાને ભેગા થયા. સવારે ૬ ; ૩૦ વાગ્યે પ્રવાસની શરૂઆત કરી.પ્રભુ સ્મરણ કરી અંતકડી રમતાંરમતાં સૌ પ્રથમ વલસાડના પારનેરા ડુંગર પાસે ૮ વાગ્યે પહોંચી ગયા. ઉપર**

અનુસંધાન પેજ નં. ૯

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા

તા. ૧૧.૦૫.૨૦૧૭ના રોજ રેવા પાર્ક ગાર્ડન વાઘોડિયા રોડ વડોદરા ખાતે નીતાબેન એસ. પંચોલીના નિવાસ સ્થાને તેજસ્વીની મહિલા મંડળની એક મિટિંગ મળી. કોલ્ડ ડ્રીંકસથી સૌનું સ્વાગત કર્યુ. નીતાબેને સમૂહમાં પ્રાર્થના કરી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. લકી ડ્રોમાં નીમાબેન લકી બન્યા. મંત્રી શ્રીમતિ સપનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

ગાર્ડનપાર્ટી હોય સૌ જીન્સ ટી-શર્ટ પહેરીને આવ્યા હતા. નીતાબેને લખોટીની ગેમ રમાડી જેમાં પ્રથમ નિકુંજબેન અને દ્વિતીય લીનાબેન વિજેતા થયા. બીજી રમત તાલે કી ચાવી.. જેમાં પ્રથમ સુરેખાબેન અને દ્વિતીય વિજેતા થયા.. ત્રીજી ગેમ પણ રમ્યા સીગ્નેચર ગેમ..

શીલાબેનની આ માસમાં આવતી બર્થડે આવતી હોય સૌને મીઠા લાડુ ખવડાવી સૌના મો મીઠા કરાવ્યા. લીનાબેને તેમના નવા ઘરનું વાસ્તુ નિમિત્તે સૌને પધારવાનું આમંત્રણ પાઠવ્યું.

ચટપટુ જમવાનું અને સાથે બરફ ગોળો ખાઇ સૌએ આનંદ માણ્યો. ત્યારબાદ હાઉસી રમ્યા. વિજેતા બહેનોને ઇનામો આપી નવાજ્યા. આગામી મિટિંગ જ્યોત્સનાબેન સતીષભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવાનું નક્કી કરવામાં આવ્યુ. આભારવિધિને અંતે સૌ છુટા પડયા.

આજરોજ નીચે મુજબનું દાન મળ્યું છે..
૧૦૦ શીલાબેન એસ. પંચોલી-વર્ષગાંઠ નિમિત્તે
૧૦૦ નીતાબેન એસ. પંચોલી-એનીવર્સરી નિમિત્તે
૧૦૦ નીમાબેન-બર્થડે નિમિત્તે
૧૦૦ જ્યોતિબેન એસ. - એનીવર્સરી નિમિત્તે..
દાતાઓનો ખૂબ ખૂબ આભાર...

## પંચોલી મહિલા મંડળ, અંકલેશ્વર

શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની મિટિંગ મીરાબેન મિસ્ત્રીના નિવાસ સ્થાને પંચોલી સેવા સમાજ અંકલેશ્વરની સાથે સંયુકત રીતે રાખવામાં આવી હતી. સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ મંત્રી શ્રીમતિ બિનીતાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી ગીફટ આપી વિશ કરવામાં આવી. ત્યારબાદ શ્રીમતિ નીપા મૌલિક મિસ્ત્રી અને શ્રીમતિ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રીએ સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા જ્યોતિબેન ચેતનભાઇ પંચોલી, જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી, હેમાબેન બળવંતભાઇ પંચોલી, સંગીતાબેન રમણભાઇ પંચોલી અને મીનાબેન ચંદુલાલ પંચોલી થયા હતાં.

ત્યારબાદ તોલ-મોલ કે બોલની ગેમ રમ્યા. પ્રથમ સંગીતાબેન રમણભાઇ પંચોલી અને દ્વિતીય બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી વિજેતા થયા.

આજ રોજ નીચે મુજબની ભેટ મળી
૫૧ ગાયત્રીબેન કૃણાલભાઇ પંચોલી-બર્થડે
૫૧ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી-બર્થડે
૫૧ સાધનાબેન હેમલભાઇ પંચોલી-એનીવર્સરી
૧૦૧ જ્યોતિબેન ચેતનભાઇ પંચોલી-બર્થડે-એનીવર્સરી
૫૧ દેવયાનીબેન નિલેશભાઇ મહેતા-એનીવર્સરી
૧૦૧ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી-એનીવર્સરી
૧૦૧ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી પૌત્રી રીવાંશીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે...
૫૧ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી-એનીવર્સરી નિમિત્તે..
આગામી મિટિંગ તા. ૧૦.૬.૨૦૧૭ના રોજ બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલીના નિવાસ સ્થાને નિરાંતનગર ખાતે રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

### પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળની મિટિંગ તા. ૭.૫.૨૦૧૭ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી. પ્રમુખશ્રીએ સૌને આવકાર્યા. પદમાબેન હસમુખભાઇએ સુંદર પ્રાર્થના કરી. કાંતાબેન કાંતિલાલનું અવસાન થતા એમના આત્માને શાંતિ અર્થે મૌન પાડી શ્રદ્ધાંજલી અર્પી.

સરપ્રાઇઝ ગેમ બેલાબેને રમાડી. જેના વિજેતા પદમાબેન હસમુખભાઇ પંચોલી બન્યા. ચાલુ માસમાં આવતી બર્થડે-એનીવર્સરી ની હાર્દિક શુભેચ્છાઓ આપવામાં આવી. ગત મિટિંગનું વાંચન શ્રીમતિ રંજનબેને કર્યુ. આનંદીબેને નવયુગ કવીઝ રમાડી તથા નવયુગ કવીઝના ઇનામો પણ એમના તરફથી આપવાની જાહેરાત કરી. જૂન માસની એન્યુઅલ મિટિંગ તા. ૧૮.૦૮.૨૦૧૭ના રોજ નકકી કરી. અંતે દરેક બહેનોએ અલ્પાહાર કરી છુટા પડયા.

### પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

તા. ૨૯.૦૪.૨૦૧૭ના રોજ જનરલ મિટિંગ પંચોલી વાડીમાં રાખવામાં આવી. મહિલા મંડળની બહેનોને આવકાર્યા. મિટિંગનું એન્કરીંગ જયશ્રીબેને સંભાળ્યું. જયશ્રીબેને સૌનું સ્વાગત કર્યુ. મિટિંગમાં હાજર રહેવા બદલ સૌ સભ્યોનો આભાર વ્યકત કર્યો. આજના સમારંભના પ્રમુખ શ્રીમતિ છાયાબેન કિશોરભાઇ પંચોલી તથા અતિથિ વિશેષ શ્રીમતિ અરૂણાબેન રમેશભાઇ જોષી, નિલાક્ષીબેન નરેન્દ્ર ભાઇ પંચોલી અને કવિતાબેન ધ્વનીલભાઇ પંચોલીને માન આપી ડાયસ પર બેસાડયા.

પ્રતિભાબેન, ઉષાબેન અને ચંપાબેને સુંદર પ્રાર્થના રજુ કરી. ત્યારબાદ દિવંગત આત્માને શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી. મંડળ તરફથી મહેમાનોને ગીફટ આપી સન્માન્યા.

પ્રમુખ શ્રી હિનાબેનો પોતાના પ્રવચનમાં જણાવ્યું કે ન જોડાયેલા સભ્યો મહિલા મંડળમાં જોડાય એવા વધુને વધુ પ્રયત્નો કરવાં. આજના પધારેલ મહેમાનેએ ભગીની સમાજ રાજપીપલાની પ્રગતિ અંગે બે શબ્દો કહ્યા. જયશ્રીબેને વચ્ચે વચ્ચે શાયરીઓ કહી પોગ્રામને સુંદર બનાવ્યો..

મંત્રી નયનાબેને વાર્ષિક હિસાબ રજુ કર્યો જેને સર્વાનુમતે મંજુરી આપી. તથા આજના કાર્યક્રમને સફળ બનાવવા સભ્યોએ જે સેવા આપી એ બદલ એમનો આભાર વ્યકત કર્યો. નયનાબેને વન મિનિટ ગેમ રમાડી. તેમજ સભ્યોને વાર્ષિક લ્હાણી(ટુવાલ) ભેટ આપી.

૨૫૧/- શ્રીમતિ છાયાબેન કિશોરભાઇ પંચોલી-પ્રમુખ સ્થાનેથી તથા ૨૫૧/- બર્થડે નિમિત્તે આપ્યા.
૨૫૧/- શ્રીમતિ અરૂણાબેન રમેશભાઇ જોષી- અતિથિ વિશેષ સ્થાનેથી
૧૫૧/- શ્રીમતિ નિલાક્ષીબેન નરેન્દ્રભાઇ- અતિથિ વિશેષ સ્થાનેથી
૨૦૦/- કવિતા ધ્વનિ પંચોલી તરફથી મળ્યા.
અંતમાં સુંદર અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા


## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
**SB 014710003655 IFSC code BKDN0210147**
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## હેપી મેરેજ એનીવર્સરી



વડોદરા નિવાસી શ્રીમતિ જ્યોત્સનાબેન તથા શ્રી ગજેન્દ્રભાઇ વલ્લભદાસ મપારાએ તા. ૧૨.૦૫.૨૦૧૭ના રોજ લગ્નજીવનના ૫૦ સુવર્ણ વર્ષ પૂર્ણ કર્યા..
સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...



વ્યારા નિવાસી શ્રીમતિ બેલાબેન તથા શ્રી મનિષભાઇ મોહનલાલ પંચોલીએ તા. ૧૬.૦૫.૨૦૧૭ના રોજ લગ્ન જીવનના ૨૫  વર્ષ પૂર્ણ કર્યા..
સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

## કુર્યાત સદા મંગલમ્



ઉધના સુરત નિવાસી શ્રીમતિ પૂર્ણિમાબેન તથા શ્રી હિતેશભાઇ પોપટલાલ ગાંધીના સુપુત્ર ચિ. ભાવિકના શુભલગ્ન નવસારી નિવાસી ગં.સ્વ. સુમિત્રાબેન તથા સ્વ. કાંતિભાઇ દુલ્લર્ભભાઇ પટેલની સુપુત્રી ચિ. શર્મિષ્ઠા સાથે તા. ૨૮.૦૨.૨૦૧૭ના રોજ થયા.

## એકવાર જાવુ હરિના ધામમાં



નવાપુર નિવાસી શ્રી સુરેશભાઇ ડાહ્યાભાઇ પંચોલી તા. ૨૦.૦૪.૨૦૧૭ ના રોજ હરીનાધામમાં ગયા.

ઉ.વ. ૬૪

વ્યારા નિવાસી મહેશભાઇ ધીરજલાલ પંચોલી તા. ૦૫.૦૩.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.

ઉ.વ. ૫૬



**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સ્વ. અ.સૌ. ભગવતીબેન તથા સ્વ. મણીલાલ ભુલાભાઇ પંચોલીના સ્મરણાથે**



## શ્રેષ્ઠ વિદ્યાર્થી-વિદ્યાર્થીની-૨૦૧૫-૧૬

**શ્રેષ્ઠ વિદ્યાર્થી : ચિ. પાર્થ જયેશકુમાર પંચોલી**
(M.Tech. Urban Planing)-**સુરત**
**શ્રેષ્ઠ વિદ્યાર્થીની : ચિ. માનસી દિપ્લેશભાઇ પંચોલી**
(Faculty of Tech Master Plan & Struct Engr.)

જાહેર કરવામાં આવે છે. અરજીઓ નહી આવતા એપ્રિલ ૨૦૧૫ થી માર્ચ ૨૦૧૬ ના નવયુગના આધારે આ નામોની જાહેરાત કરવામાં આવી છે..



**ચિ. માનસી**

શ્રી ધવલકુમાર પંચોલી-અધ્યક્ષ
શ્રી નિશિકાંતભાઇ મિસ્ત્રી-મંત્રી
સ્વ. સી.ટી.સ્મારકનિધિ

શ્રી મનિષભાઇ પંચોલી-પ્રમુખ
શ્રી રાજેશભાઇ પંચોલી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી કિરણભાઇ પંચોલી-દાતાશ્રી
સ્વ. અ.સૌ. ભગવતીબેન તથા
સ્વ. મણીલાલ ભુલાભાઇ પંચોલી
ના સ્મરણાર્થે

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૫૦૦/-કવાંટ નિવાસી શ્રી પ્રિયાંકકુમાર રાજેશભાઇ પંચોલી તરફથી ચિ. પહલના જન્મ નિમિત્તે..

રૂા. ૧૧૧/- શ્રી રમણભાઇ જેકીશનદાસ પંચોલી - ગણદેવી તરફથી જન્મદિન નિમિત્તે નવયુગ ભેટ

રૂા. ૧૦૦/- સુરત નિવાસી શ્રી ચૈતન્યભાઇ બળવંતભાઇ પંચોલી તરફથી

રૂા. ૫૦૦/- વડોદરા નિવાસી શ્રીમતિ જયોત્સનાબેન તથા શ્રી ગજેન્દ્રભાઇ વલ્લભદાસ મપારાની લગ્નજીવનની સુવર્ણજયંતી પ્રસંગે..

રૂા. ૨૫૦/- શ્રીમતિ ખુશ્બુ તથા ડો. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી તરફથી ચિ. ધ્યાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે..

**ઈમેલ કે વોટસઅપ પર માર્કસીટ સ્વીકારવામાં આવશે નહીં... જેની નોંધ લેવી...**

# હેપી બર્થડે......



ચિ. ધ્યાન વિસ્મયકુમાર
મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ૨૨.૦૬.૨૦૧૬



ચિ. નક્ષ મિતેશકુમાર
પંચોલી-રાજપીપલા
તા. ૦૬.૦૨.૨૦૧૫

# દેવના દિધેલ.....



બિલીમોરા નિવાસી શ્રી નિકુંજકુમાર ભરતભાઇ પંચોલીને ત્યાં પુત્રીરત્ન ચિ. વિની નો જન્મ તા. ૪.૦૩.૨૦૧૭ના રોજ થયો.

માતા : સેજલબેન

નવયુગ શુભેચ્છક | શ્રી સંજીવ પંચોલી | વડોદરા | શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી | વડોદરા

**Book-Post**

**Printed Book**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**